# ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી

(આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા સંચાલિત સ્વાયત્ત સંસ્થા) ૩જે માળ,
બિરસામુન્ડાભવન, સેક્ટર 10-એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦, ફોન: ૦૭૯-૨૩૨૪૩૭૪૮/૪૯


ફાઇલ નં. ટીડી/ઈએમઆરએસ/૨૦૨૦/૩૨૪૬/ ૬૭૭૮
તા.૮/૦૪/૨૦૨૧

પ્રતિ,

પ્રાયોજના વહિવટદારશ્રી, તમામ

પ્રાયોજના અધિકારીશ્રી, ગીર સોમનાથ, તલાલા

વિષય- **District Level Eklvya Schools Committee** ની રચના કરવા બાબત.

સંદર્ભ- ૧) ભારત સરકારના પત્ર નં. 18015/06/2020 Dated 21.02.2020
૨) આ.વિ.વિ. ના ઠરાવ ક્ર. EMRS-102020-708-P તા.૦૮/૦૩/૨૦૨૧

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ ૧) થી ભારત સરકારશ્રીના દરેક રાજ્યમાં **District Level Eklvya Schools Committee to supervise functioning of EMRS, EMDBS and CoE for Sports** ની રચના કરવા જણાવેલ છે.

સંદર્ભ ૨) થી **District Level Eklvya Schools Committee** ની રચના કરી ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ(**EMRS**), એકલવ્ય મોડેલ ડે બોર્ડીંગ સ્કુલ (**EMDBS**) તથા સેન્ટર ઓફ એક્સેલેન્સ ફોર સ્પોર્ટ્સના(**CoE**) સુપરવિઝન માટે જિલ્લા કક્ષાએ જિલ્લા સ્તરીય સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા અંતે ઉક્ત શાળાઓના સુપરવિઝન માટે નીચે મુજબની, જિલ્લા સ્તરીય સમિતિઓની આથી ચર્ચા કરવામાં આવેલ છે. સમિતિના સભ્યો તથા તેના કાર્યો નીચે જણાવ્યા મુજબ રહેશે.

**<u>સમિતિના સભ્યો:</u>**

૧. જિલ્લા કલેકટરશ્રી- ચેરમેન
૨. પ્રોજેકટ ડાયરેકટરશ્રી, જિલ્લા ગ્રામિણ વિકાસ એજન્સી, જિલ્લા પંચાયત
૩. પ્રાયોજના વહિવટદારશ્રી, સંકલિત આદિજાતિ વિકાસ કાર્યક્રમ
૪. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી
૫. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી

૬. જિલ્લાના બે (૨) અગ્રણી શિક્ષણવિદ (ચેરમેનશ્રી દ્વારા નિયુકત)
૭. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી
૮. તમામ શાળાઓના આચાર્યશ્રીઓ (એક આચાર્યશ્રીને વાર્ષિક રોટેશન બેઝીસ ઉપર સભ્ય સચિવ તરીકે નિયુકત કરવાના રહેશે.)

**સમિતિના કાર્યો:**

૧. શૈક્ષણિક કાર્યો, માળખાગત વિકાસ, સહ અભ્યાસક્રમ પ્રવૃતિઓ, ભોજન વ્યવસ્થા વગેરે પાસાઓમાં શાળાના કામકાજની દેખરેખ
૨. શાળાની સુવ્યવસ્થિત કામગીરી અને તેના ઉત્થાન માટે સ્થાનિક સહાય અને સહકાર મેવવવા અંગેના પ્રયાસો
૩. બાળકોને તેમની સંસ્કૃતિ વિશે, તેમની વ્યક્તિગત અને વ્યવસાયિક વૃધ્ધિ માટેના ઉપાયો વિશે વિવિધ પ્રવૃતિઓના આયોજનમાં સહાય કરવી.
૪. શાળાની પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવા માટે વધારાની નાણાકિય સહાય મેળવવા જાહેર જનતાની મદદ માટે આયોજન કરવું.
૫. અનુભવો અને સુવિધાઓના આદાન-પ્રદાન દ્વારા શાળાના શિક્ષણની ગુણવત્તામાં સુધારણા માટે શાળાઓને કેન્દ્રિકૃત બનાવવી.
૬. શાળાઓમાં વિવિધ માળખાગત વિકાસ પ્રવૃતિઓની પ્રગતિનું નિરીક્ષણ કરવું.
૭. શાળાઓની કામગીરીના શૈક્ષણિક અથવા અન્ય પાસાઓમાં જરૂરી કોઇપણ સુધારણા અથવા સુધારા અંગે રાજય એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કૂલ (ઇ.એમ.આર.એસ.) સોસાયટીને સૂચનો પ્રદાન કરવા.
૮. રાજય ઇ.એમ.આર.એસ. સોસાયટી દ્વારા સોંપેલ અન્ય કોઇપણ જવાબદારી.

જિલ્લા સ્તરીય સમિતિએ નાણાકીય વર્ષ દરમિયાન ત્રિમાસિક બેઠક બોલાવવાની રહેશે.

ઉક્ત સંદર્ભિત ઠરાવની વિગતો મુજબ જરૂરી સુચનાનું પાલન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ

કાર્યપાલક નિયામક
જી.એસ.ટી.ઇ.એસ.
ગાંધીનગર

નકલ રવાના:- ઉપ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર તરફે જાણ સારૂ.